ભારત સરકારની લઘુમતિ જાતીઓ માટે ની મલ્ટી
સેકટરલ ડેવેલોપમેન્ટ પોગ્રામ (MsDP) યોજનાની
નવી બાબત (૬૦ : ૪૦)

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંકઃલઘસ/૧૦૨૦૧૪/ ૬૬/અ.૧
સચિવાલય, ગાંધીનગર.
તારીખઃ- 8 AUG 2014

**વંચાણે લીધાઃ-**

(૧) ભારત સરકારના લઘુમતિ મંત્રાલયનો તા.૦૪-૦૧-૨૦૧૩ના અ.સ.પત્ર ક્રમાંકઃ- ૩(૩૨)૨૦૧૨-પીપી-૧

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતાનો તા. ૯/૬/૨૦૧૪ નો પત્ર ક્રમાંકઃવિજાક/શિક્ષણ/ન.બા./૨૦૧૪-૧૫/૧૫૩૦

**ઠ રા વઃ-**

ભારત સરકારના લઘુમતી મંત્રાલય દ્વારા ૧૨મી પંચવર્ષિય યોજનામાં લઘુમતિ જાતિઓ માટે મલ્ટી સેકટરલ ડેવેલોપમેન્ટ પ્રોગામની યોજના વંચાણ હેઠળના તા.૦૪-૦૧-૨૦૧૩ના પત્રથી અમલ કરવાની સૂચના આપેલ છે. જેના અંતર્ગત નિયામકશ્રી, વિકસતી જાતી કલ્યાણ ખાતાના વંચાણ હેઠળના તા.૦૯-૦૬-૨૦૧૪ના પત્રથી લઘુમતિ જાતિની ૨૫ ટકાથી વધુ વસ્તી ધરાવતા અનુક્રમે (૧) લખપત (૨) ભુજ (૩) અબડાસા તથા (૪) ગાંધીધામ તાલુકાઓમાં લઘુમતીઓ માટેની માળખાકીય સવલતો જેવી કે શિક્ષણ , સ્વચ્છતા , પાકા મકાન, પીવાનું પાણી જેવી સુવિધાઓ માટે ભારત સરકારના ૬૦ ટકા અને રાજય સરકારના ૪૦ ટકા ફાળા માટેની આ યોજના છે. આ યોજના માટે પ્લાન સદર હેઠળ કુલ રૂ. ૨,૦૦,૦૦૦/- (રૂ.૧,૦૦,૦૦૦/-કેન્દ્ર પુરસ્કુત ફાળો+ રૂ.૧,૦૦,૦૦૦/- રાજ્ય સરકારનો ફાળો)ની જોગવાઇ વર્ષઃ ૨૦૧૪-૧૫ના અંદાજપત્રમાં કરવાની દરખાસ્ત કરવામાં આવેલ હતી. જેની નવી બાબતની વહીવટી મંજૂરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

પુખ્ત વિચારણાને અંતે લઘુમતિ જાતિની ૨૫ ટકાથી વધુ વસ્તી ધરાવતા અનુક્રમે (૧) લખપત (૨) ભુજ (૩) અબડાસા તથા (૪) ગાંધીધામ તાલુકાઓમાં તાલુકાઓમાં લઘુમતીઓ માટેની માળખાકીય સવલતો જેવી કે શિક્ષણ , સ્વચ્છતા , પાકા મકાન , પીવાનું પાણી જેવી સુવિધાઓ માટે ભારત સરકારના ૬૦ ટકા અને રાજય સરકારના ૪૦ ટકા ફાળા માટેની આ યોજના છે. આ યોજના માટે પ્લાન સદર હેઠળ કુલ ૨.૦૦ લાખની જોગવાઇ કરવામાં આવેલ છે. જેની નીચેની શરતોને આધિન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

(૧) આ અંગેનો ખર્ચ જે તે વર્ષની બજેટ જોગવાઇ અને નાણાં વિભાગ ધ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત દરખાસ્ત સંદર્ભે પ્રવર્તમાન નિયમોને આધિન ચાલુ તથા જરૂરીયાત પ્રમાણે આગામી નાણાંકીય વર્ષમાં પર્યાપ્ત બજેટ જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતોવખતના લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૪) આ મંજુરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) આ મંજુરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.

(૬) આ યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૭) પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશ મેળવી લેવાના રહેશે.

(૮) ભારત સરકાર તરફથી મળવાપાત્ર થતી ગ્રાન્ટ મેળવવા માટેની કાર્યવાહી કરવાની રહેશે.

(૮) યોજનાની અન્ય શરતો યથાવત રહેશે.

આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ૯ર મુખ્ય સદર ૨૨૨૫, અનુ જાતિ/અનુ.આદિજાતિઓ અને અન્ય પછાત વર્ગોનું કલ્યાણ , ગૌણ સદર-૮૦૦ શિક્ષણ, બીસીકે-૧૨૨/એ મલ્ટી સેકટરલ ડેવેલોપમેન્ટ પ્રોગામ (લઘુમતિ.) સદર હેઠળ ઉધારવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર અગ્ર સચિવશ્રી(નાણાં )ની તા. ૨૧/૬/૨૦૧૪ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

( પી. એમ. ભાવસાર )
સેકશન અધિકારી,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ.

પ્રતિ,
નિયામકશ્રી,
વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

<u>નકલ રવાનાઃ-</u>

- માન.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- માન.રા.ક.મંત્રીશ્રી(સા.શૈ.પ.વ.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સા.ન્યા.અને અ.વ.ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી અમદાવાદ/રાજકોટ.